તા. 22-Nov-2024
સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 22-Nov-2024 બપોરે : 1.20થી 1.30
વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

---

- ✓ **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નાઈજીરીયા, બ્રાઝીલ અને ગયાનાની મુલાકાત બાદ સ્વદેશ આવવા રવાના**
- ✓ **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારતને વિક્સિત રાષ્ટ્ર બનાવવા માટે 'રાષ્ટ્ર પ્રથમ'નો અભિગમ અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે**
- ✓ **સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું છે કે, ભારત ફિલિપાઇન્સ સાથે સંરક્ષણ સહયોગને વધુ મજબૂત કરવા પ્રતિબધ્ધ છે**
- ✓ **છત્તીસગઢમાં આજે સુરક્ષા દળો સાથેની અથડામણમાં 10 જેટલા માઓવાદીઓ માર્યા ગયા.**
- ✓ **કેનેડાની સરકારે ગુનાઇત પ્રવૃત્તિઓ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, વિદેશમંત્રી એસ જયશંકર અને રાષ્ટ્રીય સલાહકાર અજીત દોવાલ વચ્ચે સંબંધ હોવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો**
- ✓ **ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટમાં ભારતનું નિરાશજનક પ્રદર્શનઃ પ્રથમ ઈનિંગમાં ભારત 150 રનમાં ઓલઆઉટ**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

તા. 22-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *REV. PM GUYANA DIASPORA*

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી નાઈજીરીયા, બ્રાઝીલ અને ગુયાનાની મુલાકાત બાદ સ્વદેશ આવવા રવાના થયા છે. અગાઉ, ગયાનામાં નેશનલ કલ્ચરલ સેન્ટર ખાતે ભારતીય સમુદાય ને સંબોધતા શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સમાનતાઓ બંને રાષ્ટ્રો વચ્ચે મિત્રતા માટે મજબૂત પાયો પૂરો પાડે છે. પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સંસ્કૃતિ, ભોજન અને ક્રિકેટ ભારત અને ગયાનાને ઊંડાણથી જોડે છે. પ્રધાનમંત્રીએ ભારત-ગયાનીઝ સમુદાય અને કેરેબિયન રાષ્ટ્રના વિકાસમાં તેમના યોગદાનની પ્રશંસા કરી હતી. શ્રી મોદીએ જણાવ્યું હતું કે છેલ્લા એક દાયકામાં ભારતની પ્રગતિ વ્યાપક, ઝડપી અને ટકાઉ રહી છે. શ્રી મોદીએ તેમની સંસ્કૃતિ અને પરંપરાઓને જાળવી રાખવા બદલ ભારતીયોની પ્રશંસા કરી હતી. તેમણે ભારતીયોને તેમના વતનની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું.

તા. 22-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# DAY PRESIDENT-HYDERABAD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારતને વિક્સિત રાષ્ટ્ર બનાવવા માટે 'રાષ્ટ્ર પ્રથમ'નો અભિગમ અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આજે હૈદરાબાદમાં લોક મંથનની ચોથી આવૃત્તિને સંબોધન કરતા રાષ્ટ્રપતિએ દેશમાં અનેક વિવિધતા હોવા છતાં સંગઠિત રાખવા ભારતીય સંસ્કૃતિ, ભાષા, પરંપરા અને જ્ઞાનનો નવસંચય કરવાની જરૂર પર ભાર મૂક્યો હતો.

રાષ્ટ્રપતિએ હૈદરાબાદમાં આંતરરાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવનું ઔપચારિક ઉદઘાટન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, ગુલામીની માનસિકતા દૂર થાય તે પછી સામાજિક અસમાનતાનો અંત આવશે. રાષ્ટ્રપતિએ સરકારે તાજેતરમાં લીધેલાં કેટલાંક નિર્ણયોને ટાંક્યા હતા, જેમાં નવા ગુનાઇત કાયદાઓનો અમલ, રાષ્ટ્રપતિભવનમાં દરબાર હોલનું નામ પરિવર્તન અને ન્યાયની દેવીની પ્રતિમા પરથી કાળી પટ્ટી હટાવવાનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં તેલંગાણાના રાજ્યપાલ જિશ્નુ દેવ વર્મા, કેન્દ્રીય મંત્રી જી કિશન રેડ્ડી, અને આરએસએસના સરસંઘ ચાલક મોહન ભાગવત ઉપસ્થિત રહ્યા હતા.

તા. 22-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# REV. RAJNATH - LAOS

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જાપાનના સંરક્ષણ મંત્રી જનરલ નિકટાની સાથે લાઓસની રાજધાની વિએન્ટિયનમાં મુલાકાત કરી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી સિંહે કહ્યું કે જનરલ નિકટાની સાથેની તેમની મુલાકાત ઘણી સારી રહી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે બંને દેશો વચ્ચે વધુ સારી ભાગીદારી ભારત-પ્રશાંત ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

શ્રી સિંહ ફિલિપાઈન્સના સંરક્ષણ સચિવ ગિલ્બર્ટો ટીઓડોરોને પણ મળ્યા હતા. તેમણે કહ્યું, ફિલિપાઈન્સ અમારી એક્ટ ઈસ્ટ પોલિસી અને ઈન્ડો-પેસિફિક વિઝનમાં મહત્વપૂર્ણ ભાગીદાર છે. તેમણે કહ્યું કે, ભારત ફિલિપાઈન્સ સાથે સંરક્ષણ સહયોગને વધુ મજબૂત અને વિસ્તૃત કરવા માટે પ્રતિબદ્ધ છે.

તા. 22-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *RAJNATH MEETINGS*

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને અમેરિકાના સંરક્ષણ સચિવ લૉઈડ ઑસ્ટિને સંચાલન સમન્વય, માહિતીની આપલે અને ઔદ્યોગિક નવીનતાના વિકાસ માટે ભારત-અમેરિકા સંરક્ષણ ભાગીદારીની પ્રશંસા કરી છે.

બંને નેતાઓએ ગઇકાલે લાઓસના વિએતનિયાનેમાં 11મી આલિયાન સંરક્ષણ મંત્રીઓની બેઠક દરમિયાન મુલાકાત કરી હતી. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, બંને દેશ વચ્ચે જેટ એન્જિન, યુદ્ધ સાધનો અને ગ્રાઉન્ડ મોબિલિટી સિસ્ટમ સહિત અમેરિકા-ભારત સંરક્ષણ ઔદ્યોગિક સહયોગ વ્યૂહરચનાની સમીક્ષા કરવામાં આવી.

તા. 22-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *CHHATTISGARH-MAOISTS KILLED*

છત્તીસગઢમાં આજે સુરક્ષા દળો સાથેની અથડામણમાં 10 જેટલા માઓવાદીઓ માર્યા ગયા હતા. સીઆરપીએફ અને ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ-ડીઆરજીની સંયુક્ત ટીમને માઓવાદી હોવાની મળેલી બાતમીના આધારે સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતુ.

સુકમા જિલ્લાના કોન્ટા વિસ્તારમાં સર્ચ ઓપરેશન દરમિયાન, ભેજી વિસ્તારના જંગલ અને પહાડીઓમાં એન્કાઉન્ટર થયું હતુ, જેમાં માઓવાદીઓ માર્યા ગયા. સુરક્ષા દળોએ માર્યા ગયેલા માઓવાદીઓના મૃતદેહ કબજે કર્યા છે.

આ સિવાય ઘટનાસ્થળેથી એક AK-47 સહિત મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે. આ વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

તા. 22-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *SC- GYANVAPI*

સર્વોચ્ચ અદાલતે જ્ઞાનવાપી મસ્જિદનાં સીલ કરવામાં આવેલા વિસ્તાર ‘વઝુખાના’નો એએસઆઇ સર્વે કરાવવા હિન્દુ પક્ષકારોએ કરેલી અરજીને પગલે જ્ઞાનવાપી મસ્જિદ સમિતીનો પ્રતિસાદ માંગ્યો છે. આ વિસ્તારમાં શિવલિંગ મળી આવ્યું હોવાનો હિન્દુઓનો દાવો છે.

2023માં સર્વોચ્ચ અદાલતે વઝુખાના સિવાયના વિસ્તારોમાં તોડફોડ વિના મસ્જિદનો એએસઆઇ સર્વે કરવાની મંજૂરી આપી હતી.

તા. 22-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# PM Modi, Jaishankar criminal activity in Canada

કેનેડાની સરકારે શુક્રવારે કેનેડામાં ગુનાઇત પ્રવૃત્તિઓ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, વિદેશમંત્રી એસ જયશંકર અને રાષ્ટ્રીય સલાહકાર અજીત ડોભાલ વચ્ચે જોડાણ અંગે ઔપચારિક રીતે સ્પષ્ટતા કરી હતી. પ્રિવિ કાઉન્સિલના ડેપ્યુટી ક્લાર્ક અને કેનેડાના પ્રધાનમંત્રીના રાષ્ટ્રીય સલામતી અને ગુપ્તર સલાહકાર નાથાલી ડ્રોઉઇને એક નિવેદનમાં જણાવ્યું છે કે, કેનેડામાં ગુનાઇત પ્રવૃત્તિઓને પ્રધાનમંત્રી અને વિદેશમંત્રીનું સમર્થન હોવાના કોઈ પુરાવા નથી અને તે માત્ર અટકળો જ છે.

નિવેદનમાં જણાવાયું છે કે, કેનેડા સરકારે આવા કોઈ દાવા કર્યા નથી અને કેનેડામાં ગુનાઇત પ્રવૃત્તિ સાથે ભારતીય નેતાઓનાં સંબંધ હોવાના કોઈ પુરાવા તેનાં ધ્યાનમાં નથી.

ભારત અને કેનેડા વચ્ચેનાં રાજદ્વારી સંબંધોમાં તિરાડને પગલે ઉપરોક્ત નિવેદન આવ્યું છે. અગાઉ, ઓક્ટોબર મહિનામાં કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટીન ટ્રુડોએ ભારત સરકાર પર કેનેડાની ધરતી પર ગુપ્ત અભિયાન હાથ ધર્યું હોવાનો આરોપ મૂક્યો હતો.

તા. 22-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

તા. 22-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *DELHI-NCR AQI*

દિલ્હી-એનસીઆરમાં આજે સવારે 7 વાગ્યા સુધીમાં હવાની ગુણવત્તામાં સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) 371 સાથે કોઈ મોટો સુધારો જોવા મળ્યો નથી. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના જણાવ્યા અનુસાર, શહેરના કેટલાક ભાગોએ 400 AQI સ્તરનો ભંગ કર્યો છે.રાજધાની દિલ્હીમાં ગ્રુપ 4 પ્રતિબંધો લાગુ છે. રાજધાનીમાં ધુમ્મસની સ્થિતિમાં સુધારો થયો છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી મધ્યમ ધુમ્મસ અને ઝાકળ યથાવત રહેવાની આગાહી કરી છે

તા. 22-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *PIYUSH GOYAL-DATA PRIVACY*

વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે જાહેરાત કરી છે કે સરકાર ડેટાની ગોપનીયતાને સુનિશ્ચિત કરવા માટે કાનૂની માળખુ રજૂ કરશે. ટેક્નોલોજી અને નવીનીકરણનાં રોકાણ માટે ભારતને મુખ્ય કેન્દ્ર તરીકે સ્થાપવાની હિમાયત કરતા શ્રી ગોયલે ભારપૂર્વક જણાવ્યું કે, ભારત તેની મજબૂત કાયદાકીય વ્યવસ્થાની સાથે એક નવું માળખું અમલમાં મૂકવાની યોજના ધરાવે છે જે વિશ્વસનીય ભાગીદારો વચ્ચે ડેટાના સુરક્ષિત અને મુક્ત પ્રવાહને સક્ષમ કરશે.

યુકે ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલની 'યુકે-ઈન્ડિયા ટેક્નોલોજી ફ્યુચર્સ કોન્ફરન્સ'માં બોલતા, શ્રી ગોયલે ભવિષ્યમાં ડિજિટલ વિશ્વ અને સ્થિરતાના મુદ્દાઓને સમજવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

તેમણે નોંધ્યું હતું કે ભાવિ ઉર્જા વપરાશનો નોંધપાત્ર હિસ્સો સિસ્ટમ્સ પ્રોસેસિંગ ડેટા દ્વારા ચલાવવામાં આવશે, જે ટકાઉપણા પર અસર કરી શકે છે. શ્રી ગોયલે ભારતની અનોખી રીતે એકબીજા સાથે જોડાયેલી પાવર ગ્રીડ પર પ્રકાશ પાડ્યો. શ્રી ગોયલે જણાવ્યું હતું કે 2030 સુધીમાં દેશભરમાં એક હજાર ગીગાવોટ ગ્રીડ હશે.

તા. 22-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *FISHING VESSEL*

13 સભ્યોના ક્રૂ સાથેનું ભારતીય માછીમારી જહાજ માર્થોમા ગઈકાલે સાંજે ગોવા નજીક ભારતીય નૌકાદળની સબમરીન સાથે અથડાયું હતું. નૌકાદળે શોધ અને બચાવ કામગીરીમાં બોટના 13 સભ્યોમાંથી 11ને બચાવી લીધા છે જ્યારે અન્ય બેની શોધખોળ ચાલુ છે.

નેવીએ કહ્યું છે કે, સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશનમાં કોસ્ટ ગાર્ડના જહાજોની પણ મદદ લેવામાં આવી રહી છે અને ઘટનાનું કારણ ની તપાસ કરવામાં આવી રહી છે.

તા. 22-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# TEST CRICKET

પર્થમાં આજથી શરૂ થયેલી પહેલી ક્રિકેટ ટેસ્ટ મેચમાં ભારતનો પ્રથમ દાવ એકસો પચાસ રને સમેટાઇ ગયો હતો. ટોસ જીતીને પહેલા બેટીંગ લેવાનો નિર્ણય કેપ્ટન બૂમરાહ માટે ખોટો સાબિત થયો હતો..

ટીમ ઇન્ડિયાના ટોચના ખેલાડીઓ નિષ્ફળ રહ્યા હતા. નવોદીત નિતિશકુમાર રેડ્ડી સૌથી વધુ 41 રન કરી શક્યો હતો જ્યારે પંતે 37 અને કે એલ રાહુલે 26 રન કર્યા હતા. જ્યારે અન્ય ખેલાડીઓ નિષ્ફળ નિવડ્યા હતા. ઓસ્ટ્રેલિયાના બોલર હેઝલવુડે ચાર અને કમિન્સ, માર્શ અને સ્ટાર્કને બે-બે વિકેટો મળી હતી. છેલ્લા અહેવાલ મળ્યા ત્યારે ઓસ્ટ્રેલિયાએ ભારતના 150 રનના જવાબમાં ઝીરો વિકેટ 13 રન કર્યા હતા.

તા. 22-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *DAY CHINA MASTERS*

ચાઇના માસ્ટર્સ 2024 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ભારતની જોડી ચિરાગ શેટ્ટી અને સાત્વિકસાઇરાજ રેન્કીરેડ્ડી આજે શેન્ઝેનમાં ક્વાર્ટરફાઇનલમાં ડેનિશ જોડી કિમ અસ્તૃપ અને એન્ડર્સ સ્કારૂપ રાસમુસ્સેન સામે ટકરાશે.

અન્ય મેચમાં ભારતનાં પ્રસિધ્ધ ખેલાડી લક્ષ્ય સેન પુરુષ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં ડેનમાર્કનાં એન્ડર્સ એન્ટોનસેન સામે રમશે.

શેટ્ટી અને રેન્કીરેડ્ડીની જોડીએ ગઈ કાલે પ્રિ-ક્વાર્ટર ફાઇનલમાં ડેનમાર્કનાં રાસમુસ કજેર અને ફ્રેડ્રિક સોગાર્ડને હાર આપી હતી.

તા. 22-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# JAMMU AND KASHMIR WEATHER

જમ્મુ અને કાશ્મીર ના શ્રીનગરમાં માઈનસ 1.2 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું. દરમિયાન, જમ્મુ અને કાશ્મીરના કેટલાક ભાગોમાં લઘુત્તમ તાપમાનમાં થોડો સુધારો થયો છે. પ્રખ્યાત સ્કી રિસોર્ટ ગુલમર્ગમાં લઘુત્તમ તાપમાન માઈનસ 0.6 ડિગ્રી નોંધાયું હતું. હવામાનવિભાગે જમ્મુ-કાશ્મીરમાં 23 નવેમ્બર સુધી શુષ્ક હવામાનની આગાહી કરી છે.

તા. 22-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *COAL MINES - E AUCTION*

નવ કોલસાની ખાણોની ઈ-હરાજીનો 10મો તબક્કો ગઈકાલે શરૂ થયો હતો.

કોલસા મંત્રાલયના જણાવ્યા અનુસાર પ્રથમ દિવસે પાંચ કોલસાની ખાણો હરાજી માટે મૂકવામાં આવી હતી. આ તમામ ખાણોનો કુલ ભૌગોલિક ભંડાર 2 અબજ 63 કરોડ ટનથી વધુ છે. મંત્રાલયે કહ્યું કે આ કોલસાની ખાણોથી દર વર્ષે એક હજાર 106 કરોડ રૂપિયાથી વધુની આવક થશે અને 16 હજારથી વધુ લોકો માટે રોજગારીની તકો ઊભી થશે.